

ધનસુરામાં દોઢ ઈંચ વરસાદ : ધનસુરા અડધા કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. વરસાદથી નગરજનોમાં ઉત્સાહ આવી ગયો હતો. અડધા કલાકમાં દોઢ ઈંચ વરસાદથી નિચાણવાળા વિસ્તારમાં અને રોડ પર પાણી ભરાઈ ગયા હતા. છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજાની ચાતક જેમ રાહ જોવાતી હતી. ખેડૂતો ચિંતામાં હતાં, અસહ્ય બફારાથી નાગરિકો ત્રાહિમામ હતા ત્યારે રવિવારે વરસેદ દોઢ ઈંચ વરસાદ સમગ્ર માહોલમાં ઠંડક પ્રસરાવી હતી.

# પ્રાંતિજના મજરા ખાતે જુગાર રમતા દસ શકુનિઓને પકડાયા

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના મજરા ખાતે તીનપત્તીનો જુગાર રમતા દસ શકુનીઓને પોલીસે પકડી પાડ્યા હતા. પ્રાંતિજ પોલીસે બાતમી મળતાં તેવોએ મજરા ગામની સીમમાં આવેલ જશુભાઈ પશાભાઈ પટેલના ખેતરમાં આવેલ તબેલા ઉપર બનાવેલ ઓરડીની આગળની ચોપાડની ખુલ્લી આરોપીઓ દર્પણકુમાર વિનુભાઈ પટેલ, સંજયકુમાર બાબુભાઈ પટેલ, બ્રિજેશકુમાર પ્રવિણભાઈ પટેલ, ભાવેશકુમાર રમણભાઈ પટેલ, કલ્પેશકુમાર સોમાભાઈ



૫૫,૩૨૦નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલીસ રાત્રીના સમયે નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજ પોલીસ પી.એસ.આઈ એમ.બી. ગજજર તથા પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન જગ્યામાં લાઈટના અજવાળે જાહેરમાં આ કામના દસ આરોપીઓ જાહેરમાં પૈસા પાનાનો હારજીતનો જુગાર રમતાં રોકડ રકમ રૂ ૧૦,૧૫૦ તથા મોબાઈલ નંગ દસ જેની કુલ કિંમત રૂ. ૪૨,૦૦૦ તથા ગંજીફા પાના નંગ-૪૭ મળી કુલ કિંમત રૂ. ૫૫,૩૨૦ના મુદ્દામાલ સાથે પટેલ, યોગેશભાઈ નટવરભાઈ પટેલ, અલ્પેશકુમાર રમણભાઈ પટેલ, વિપુલકુમાર જશુભાઈ પટેલ, વિષ્ણુભાઈ રમણભાઈ પટેલ, ભદ્રેશકુમાર ગાંડાભાઈ પટેલ તમામ રહે. મજરા જેવોની પ્રાંતિજ પોલીસે જુગારધારા કલમ-૧૨ મુજબ અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભિલોડા તાલુકાના નારણપુર ગામના સીમ વિસ્તારમાંથી ૧૨ ફુટ લાંબો અજગર ઝડપાયો

ભિલોડા, તા. ૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર ગામના સીમ વિસ્તારમાં ખેતર ધરાવતા ખેડુત હંસાબેન બામણીયા જારની લીલી ધાસ પશુઓ માટે વાઢતા હતા. મહિલાને અચાનક અજગર જોવા મળતા ભારે બુમરાણ મચાવી હતી. સીમ વિસ્તારમાં આજુ બાજુ ખેતરો ધરાવતા ખેડૂતો અને પાડોશી ભેગા થઈ ગયા હતા.

મહીલાએ અજગર જોવા મળ્યો હોવાની વાત કરતા નારણપુર ગામના બાહોશ પ્રવીણભાઈ ડાહ્યાભાઈ તરાર, ધુળાભાઈ બાલાભાઈ બામણીયા, બકાભાઈ કોહ્યાભાઈ તરાર સહિત ખેડુતોએ સામુહિક રીતે ભેગાને મહામુસીબતે અજગરને પકડી કંતાનના કોથળામાં ભરીને ભિલોડા વન વિભાગના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. વન વિભાગના અધિકારીઓએ અજગરને સલામત સ્થળે નિર્જન જંગલમાં છોડી દીધો હતો. નારણપુર સીમ વિસ્તારમાંથી અજગર પકડતા ખેડુતો, પશુ પાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

# મોડાસા ચાર રસ્તા પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી મહોત્સવમાં કુકર ફાટતા અફડા-તફડી

## શાળાના શિક્ષકે ઘટના છુપાવવા પત્રકારો સાથે અભદ્ર વર્તન કરતા પત્રકાર આલમ લાલઘૂમ

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાર



રસ્તા પર આવેલી પ્રાથમિક શાળા નં-૧માં જન્માષ્ટમી મહોત્સાવની ઉજવણી દરમિયાન મધ્યાહન ભોજનરૂમમાં ધડાકા સાથે કુકર ફાટતા મહિલા કર્મચારી દાઝી જતા ભારે અફડાતફડી મચી હતી. મીડિયા કર્મીઓ ઘટનાનું કવરેજ કરવા જતા ઉપસ્થિત શિક્ષકે અસભ્ય વર્તન કરતા પત્રકારો સમસમી ઉઠ્યા હતા. ચોથી જાગીરી પર હુમલો થતા પત્રકારોએ કલેક્ટરને રજુઆત કરતા કલેક્ટરે તપાસના આદેશ આપતા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તપાસનો ધમધમાટ શરૂ કરી પત્રકારો સાથે ગેરવર્તન કરવા અંગે નોટિસ ફટકારતા શિક્ષકોમાં દોડધામ મચી હતી. મધ્યાહન ભોજનમાં કુકર ફાટવાની ઘટના પર પડદો પાડવાની શિક્ષકોને શું જરૂર પડી તેવો યક્ષ પ્રશ્ન જીલ્લાના શિક્ષક આલમમાં ઉઠ્યો હતો.

મોડાસા ચાર રસ્તા પ્રાથમિક શાળા નં-૧ માં જન્માષ્ટમી નીમીત્તે ઉજવણી ચાલી રહી હતી ત્યારે બાળકો માટે રસોઈ બનાવવાની કામગીરી દરમિયાન મધ્યાહન ભોજનના રૂમમાંથી ધડાકાભેર અવાજ આવતા શાળાના શિક્ષકો જન્માષ્ટમીની ઉજવણી અટકાવી મધ્યાહન ભોજન તરફ દોટ મૂકી જોતા મધ્યાહન ભોજન રૂમમાં કુકર ફાટવાની સાથે મહિલા કર્મચારી શરીરે દાઝી જતા મહિલાને સારવાર અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી અને સમગ્ર ઘટના પર પડદો પાડવાની કોશિશ થઈ રહી હતી. ત્યારે પ્રાથમિક શાળા નં-૧માં ભારે ધડાકો થયાની જાણ પત્રકારોને થતા ઘટનાનું કવરેજ કરવા પહોંચતા પત્રકરો સાથે અસભ્ય વર્તન



કરવાની સાથે દાદાગીરી મારી કવરેજ કરવાનું અટકાવતા પત્રકારો જન્માષ્ટમી મહોત્સવની ઉજવણીમાં ભંગ ના પડે અને ઝપાઝપીથી બાળકોના મનમાં ખરાબ અસર ના પડે તે માટે કવરેજ કરી નીકળી ગયા હતા. પત્રકાર સાથેના અસભ્ય વર્તનની જાણ પત્રકારઆલમમાં થતા પત્રકારો લાલઘૂમ બન્યા હતા અને કલેક્ટરને રજુઆત કરતા કલેક્ટરે ઘટનાની ગંભીરતા સમજી પ્રાથમિક શિક્ષણ અધિકારીને તપાસના આદેશ આપતા તપાસનો ધમધમાટ શરૂ થતા પ્રાથમિક શાળાના શિક્ષકોમાં ભારે દોડધામ મચી હતી અને નોટિસનો જવાબ આપવાની સાથે ભૂલનો અહેસાસ થતા પત્રકારો સાથે સમાધાનના પ્રયાસો આદર્યા હતા.

# મેઘરજ તાલુકાની સુરદેવી પ્રાથમિક શાળામાં અનોખી રીતે બાળકો ભણે છે

## બાળકોને મધ્યાહન ભોજન પીરસાય ત્યાં સુધી જનરલ નોલેજના પ્રશ્નનો અને જવાબોનુ સંગીતમય ગાન કરે છે

મેઘરજ, તા. ૨

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાની સુરદેવી પ્રા.શાળાના બાળકો અનોખી રીતે અભ્યાસ કરે છે. મેઘરજના સુરદેવી ગામે ધો.૧ થી ૫ ના ૮૦ જેટલા ખેડૂતોના બાળકો અભ્યાસ કરે છે. શાળામાં ત્રણ શિક્ષકોનો સ્ટાફ છે. શિક્ષકો શાળાના સમય પહેલાં બાળકો ડીસો ખખડાવતા હોય છે અથવા તો વાતો કરતા હોય છે પરંતુ આ શાળાના બાળકો તે સમયનો પણ સદઉપયોગ કરે છે અને તે સમયે એબીસીડી ગાન અને અંગ્રેજી મહીનાઓનુ ગાન કરવામાં આવે છે. સાંજના સમયે બાળકોને અભીનય દ્વારા ગીત ગવડાવવામાં આવે છે.



આવી ટેપરેકોડર ચાલુ કરતાં ગામના તમામ બાળકો સ્કુલમાં ગણવેશમાં આવી જતા હોય છે. પ્રથમ શાળાની લોબીમાં પ્રાર્થના અને ભજન થાય છે ત્યારબાદ નીત્યક્રમ મુજબ સંગીત સાથે ગડીયા ગાન થાય છે. ગડીયાગાનમાં બાળકો તબલા, ઢોલક, ખંજરી, મંજીરા અને હારમોનીયમ સાથે ગાન કરે છે. ત્યારબાદ બાળકો ઉભા થઈને જાતે એકબીજાને જનરલ નોલેજના પ્રશ્નો કરી તેમને સીધો સંવાદ કરે છે. ત્યારે બાળકો ઉભા થઈને માઈક સામે આવી જવાબ આપે છે જેથી બાળકને ઉભા થઈ બોલવાનો જરાય ડર કે સંકોચ રહેતો નથી જ્યારે બાળકો કલાસ રૂમમા જાય છે ત્યારે શિક્ષકો અગ્રેજીનો અભ્યાસ પણ અભિનય દ્વારા બાળકોને શિખવાડવામાં આવે છે.

જ્યારે બાળકો મધ્યાહન ભોજન જમવા બેસે છે ત્યારે ભોજન પીરસાતુ હોય તે સમય દરમ્યાન બાળકોના જણાવ્યા મુજબ તેમને ગાતાં ગાતાં શિક્ષકો દ્વારા જે શીક્ષણ આપવામાં આવે છે તેમાં મજા આવે છે અને યાદ પણ રહે છે. તેઓ ઘરે રહેવાનુ ટાળે છે સવાર પડે ને સ્કૂલનો ટાઈમ થાય એટલે સ્કૂલે આવી જાય છે. સ્કુલમાં ઘર કરતાં વધારે સારૂ લાગે છે તેમ જણાવ્યુ હતુ.

સ્કૂલના આચાર્ય રાજેશભાઈ સોલંકીના જણાવ્યા પ્રમાણે સુરદેવી પ્રા. શાળામાં ૮૦ જેટલા બાળકો અભ્યાસ કરવા આવે છે. બાળકોને સંગીત, અભીનયથી જે શીખવાડવામાં આવે છે તે બાળક ક્યારે ભુલતુ નથી અને જે બાળક રમતાં-રમતાં અને સંગીતથી વિદ્યા પ્રાપ્ત કરે છે તે બાળક ઝડપથી શીખી લેતુ હોય છે એટલે જ અમે બાળકોને સંગીતથી શીખવાડીએ છીએ અને ખાસ કરીને જનરલ નોલેજ તેમજ રોજીંદા સમાચાર અને અવનવુ શીખવાડીયે છીએ અને સતત પ્રવૃત્તિમય રહીયે છીયે.

# પાલનપુર રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

પાલનપુર રેલવે સ્ટેશને ખાતે રેલવે પોલીસ દ્વારા ટ્રેનમાં મુસાફરોના સામાન ચેકિંગ કરવામાં આવી રહ્યો હતો. દરમિયાન રેલવે દ્વારા કોન્ટ્રાકટ ઉપર રખાયેલા એસી કોચના એટેન્ડેન્ડ પાસેની બે બેગોમાંથી રૂપિયા ૨૫૦૦૦ની કિંમતની વિદેશી દારૂની કુલ ૪૫ બોટલો મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

પાલનપુર ખાતે ગુજરાત રેલવે પીએસઆઈ પી. એસ. ગૌસ્વામી સ્ટાફ સાથે રેલવે સ્ટેશને આવેલી હરિદ્વાર યોગા એક્ષપ્રેસમાં મુસાફરોના સામાનની તપાસ હાથ ધરી હતી. જે દરમિયાન એસી બી-૪ કોચમાં મુંબઈ બાન્દ્રા રેલવે સ્ટેશને કોન્ટ્રાકટથી રહેલા એસી કોચના એટેન્ડેન્ડ મુળ મધ્યપ્રદેશના રિવા જિલ્લાના જવા ગામના આશિષકુમાર સત્યનારાયણ કુસ્વાહા પાસેથી બે બેગોમાંથી વિદેશી બ્રાન્ડની રૂપિયા ૨૫૦૦૦ની વિદેશી દારૂની કુલ ૪૫ બોટલો મળી આવી હતી. જેની પોલીસે અટકાયત કરી પુછતાછ કરતાં વિદેશી દારૂ તેણે મધ્યપ્રદેશના રેવાડીથી ખરીદી કલોલ ખાતે આપવાનો હોવાનું જણાવ્યું હતુ. જેની સામે ગૂનો નોંધી પીએસઆઈ પી. એસ. ગૌસ્વામી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લાંબડીયા મેમન જમાતના પ્રમુખપદે કાદરભાઈ નેતાજી

પોશીના, તા. ૨

પોશીના તાલુકાના લાંબડીયા ગામે થરાદી મેમન જમાતની



કારોબારી સમિતિની ત્રણ વર્ષની મુદત પુરી થતા શુક્રવારે રાત્રે ૯ વાગ્યે કાઉન્સીલના ઉપપ્રમુખ હા. જાનમુહમ્મદભાઈ સડાવાલાના અધ્યક્ષસ્થાને અને ગુજરાત રાજસ્થાન થરાદી મેમન કાઉન્સીલના પ્રતિનિધિ હા. ઈસ્માઈલભાઈ દેલદરવાલાની વિશેષ ઉપસ્થિતિમાં મદરેસા હૉલમાં મળેલી જનરલસભામાં ચાલુ પ્રમુખ હા. અબ્દુલકાદરભાઈ નેતાજી સર્વસંમતિ સાથે સતત ચોથીવાર પ્રમુખપદે નિમાયા હતા. સભામાં ફતેહમુહમ્મદભાઈ, હા. યાકુબભાઈ માસ્ટર, હા. અલીમુહમ્મદભાઈ મેમણ, ડૉ. એફ.જે.સાચોરા, યુથ સર્કલના પ્રમુખ શાહીદભાઈ કાપડિયા સહિત મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, વડીલો અને યુવાનો હાજર રહ્યા હતા અને સૌએ નવા નિમાયેલા પ્રમુખને તેઓના સમાજ પ્રતિ અગાઉ કરેલા કામોને બિરદાવ્યા હતા અને ફરીથી ચૂંટાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાં દીકરીને મળવા ન દેતા પિતાની આપઘાતની ચિમકી

પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાં રાધનપુર તાલુકાના સાંથલી ગામના પિતા તેમની દીકરીને મળવા માટે આવ્યા હતા. જોકે, નારી સંરક્ષણ કેન્દ્રમાં દીકરી ન મળતા તેઓએ આત્મ વિલોપનની ચિમકી ઉચ્ચારી હતી. જેના પગલે ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના સાંથલી ગામના ભાવસંગભાઈ મોમજીભાઈ ઠાકોરની બે દિકરીઓને અગાઉ ગામનો જ શખ્સ અપહરણ કરી ગયો હતો. આ અંગે રાધનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતાં એક દીકરી મળી આવી હતી. જોકે, તેનુ અપહરણ કરનાર શખ્સ ઝડપાયો ન હતો. જે પુત્રીને રાધનપુર પોલીસે પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાં મુકી હતી. જ્યાં ભાવસંગભાઈ તેણીને મળવા માટે આવતા હતા. પરંતુ દીકરી મળતી ન હતી.

દરમિયાન મંગળવારે તેઓ પરિવાજનો સાથે પાલનપુર આવ્યા હતા. જ્યાં નારી સંરક્ષણ કેન્દ્રના સ્ટાફ દ્વારા તેમની દીકરી નારી સંરક્ષણ કેન્દ્રમાંથી ભાગી ગઈ હોવાનું કહેવામાં આવતાં ભાંગી પડેલા ભાવસંગભાઈએ જો દીકરી નહી મળે તો આત્મ વિલોપનની ચિમકી ઉચ્ચારી હતી. જેના પગલે ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી.

જોકે, નારી સંરક્ષણ કેન્દ્રના સુપ્રિન્ટેન્ડન્ટ સોનલબેન ચૌધરીએ જણાવ્યું હતું કે, રાધનપુર પોલીસ દ્વારા અપહરણના કેસમાં આ યુવતીને નારી સંરક્ષણ કેન્દ્રમાં મુકવામાં આવી હતી. જે પુખ્ત વયની હતી. તેણી જો મને મુક્ત કરવામાં નહી આવે તો નારી સંરક્ષણ કેન્દ્રમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરવાની લેખિત ચિમકી આપી હતી. આ અંગે તેણીના માતા-પિતા, પોલીસ તેમજ કોર્ટમાં જાણ કરી નિયમાનુસાર નારી સંરક્ષણ કેન્દ્રમાંથી મુક્ત કરવામાં આવી છે. મુક્ત થયા બાદ યુવતીની અમારી કોઈ જવાબદારી રહેતી નથી.



## માથાસુલિયા પ્રાથમિક શાળામાં નંદ મહોત્સવ ઉજવાયો

માથાસુલિયા પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વની ઉજવણીના ભાગરૂપે નંદ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. બાળકોને ભારતીય સંસ્કૃતિ અને ધર્મની ભાવના કાયમી ઉજાગર થાય એ માટે નંદ મહોત્સવનો ઈતિહાસ સમજાવી આ કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળાના મુ. શિ. અને શાળાના સાથી શિક્ષકોએ આ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ પૂરો પાડ્યો હતો. કાર્યક્રમનું આયોજન રણજીતકુમાર વણકર દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન જયેશકુમાર પટેલે કર્યુ અને શિવશંકર જોષીએ ખૂબજ સહયોગ પૂરો પાડ્યો હતો.